જન્મદિને વધામણી

નિરાલી ધનંજય જોષી
મો. ૯૯૨૪૫ ૫૮૫૧૧

મધુબેન દશરથલાલ ગાંધર્વ
મો. ૯૪૨૬૫ ૧૯૭૮૫

મીત કુંજલકુમાર શાહ
મો. ૯૮૨૪૭ ૪૧૯૧૦

પર્વ ચેતનકુમાર પટેલ
મો. ૮૮૬૬૪ ૪૨૨૦૭

રાંધેજા વિદ્યામંદિરમાં સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા. ૭

શ્રી જે.એસ. પટેલ વિદ્યામંદિર રાંધેજા ખાતે સ્વચ્છતા અને સામાજીક સમરસતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તા. ૧ ઓક્ટોબરને શનિવારના રોજ સંકલ્પ પત્રનું વાંચન અને શપથ લેનવડાવવામાં આવ્યા હતા. તા. ૨ ઓક્ટોબરને રવિવારના રોજ સવારે ૮ કલાકે વિદ્યાર્થીઓ પ્રાર્થના ખંડમાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ સૌ પ્રથમ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૬ થી ૧૨ના તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. રેલીનું પ્રસ્થાન જુદા જુદા સ્લોગનો દ્વારા ઉચ્ચારણ કરી કરવામાં આવ્યુ હતુ. રેલી રાંધેજા ગામના માર્ગોમાંથી પસાર થઈ શાળામાં પરત આવી હતી. ત્યાર બાદ સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વર્ગ વિભાજન પ્રમાણે શાળાના જુદા જુદા વિભાગોમાં સફાઈ કરવામાં આવી હતી. ત્યાર બાદ જુદી જુદી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કબડ્ડી, ગોળાફેંક અને દોડ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ઉમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, સોલા, અમદાવાદ અને શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા અભિમુખ કાર્યક્રમ સમગ્ર દિવસ માટે યોજાઈ ગયો. કોલેજના હોલમાં કુલ ૧૮૪ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પહેલાં પરીક્ષા અને પછી પ્રત્યેક વિષયની ચર્ચા એ કાર્યક્રમનો ઉપક્રમ હતો. કાર્યક્રમ માટે કોલેજનાં આચાર્ય ડૉ. સંગીતા પી ઘાટેએ ખૂબ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે સંદિપસિંહ અને ઊર્મિલાબેન ઉપસ્થિત રહ્યાં હતાં. સમિતિ તરફથી મિલિન્દભાઈ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત પરીક્ષા માટેના બધા વિષયોને આવરી લેવામાં આવ્યા હતા તથા તે અંગેનું મટીરિયલ પણ પ્રત્યેક વિદ્યાર્થીને આપવામાં આવ્યું હતું.

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા ખાતે ધોરણ-૧ અને ૨ના બાળકોની વેશભૂષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૮થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. ડોકટર, શિક્ષક, વાઘ, સિંહ, નરેન્દ્ર મોદી, ગાંધીજી, ઈન્દિરા ગાંધી, ઝાંસીની રાણી, લક્ષ્મીબાઈ, પોલીસ, પરી, સ્પાઈડરમેન જેવા પાત્રોની વેશભૂષામાં બાળકો સુંદર રીતે તૈયાર થયા હતા. આ દરમિયાન નેન્સી બારોટે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું એક પાત્રીય અભિનય કરી બધાને મુગ્ધ કરી દીધા હતા.

આજે પ્રેરણા વિદ્યાલય ખાતે નશાબંધી સપ્તાહની પૂર્ણાહુતિ

ગાંધીનગર, તા. ૭

પૂ. મહાત્મા ગાંધીજીની જન્મજયંતિના ભાગરૂપે બીજી ઓક્ટોબરથી ૮મી ઓક્ટોબર સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી ચાલી રહી છે. આ સપ્તાહની ઉજવણી પ્રેરણા વિદ્યાલય ખાતે પણ કરવામાં આવી રહી છે, જેનો પૂર્ણાહુતિ કાર્યક્રમ શનિવારે વિદ્યાલય ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે આયોજિત કરવામાં આવેલા સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર ઉત્તર વિભાગના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, અતિથિ તરીકે ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, અતિથિ વિશેષ તરીકે વોર્ડ નં. ૭ના કૉર્પોરેટર હિરલબેન જોષી, ઊર્મિલાબેન વર્મા, જયરાજસિંહ વાઘેલા, રાકેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

સેક્ટર-૫ના સર્વ વસાહતીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા પ્રેરણા વિદ્યાલય તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ડાયરેક્ટ ❤ સે

કોઈ સુલહ કરા દે
જિંદગી કી ઉલઝનોં સે
બડી તલબ લગી હૈ
આજ મુસ્કુરાને કી

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
ઍમ ઍસ ધોની
૩.૩૦, ૯.૩૦
મિઝર્યા
૧૨.૪૫, ૭.૦૦

સ્ક્રીન-૩
મિઝર્યા
૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૭.૦૦

સ્ક્રીન-૫
મિઝર્યા
સવારે ૧૦.૦૦
તુતક તુતક તુતિયા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

બાપુ ક્યાં છે ?

પંકજ ત્રિવેદી દિગ્દર્શિત ગુજરાતી ફિલ્મ નિર્માણ માટે તૈયાર

ગાંધીનગર, તા. ૭

બાપુ ક્યાં છે? એ મસ્તીસભર કાલ્પનિક ઘટનાઓ પર આધારિત ફિલ્મ છે, આ વાર્તા છે ૮૮ વર્ષના એક વૃદ્ધ - બિપિનચંદ્ર જાગીરદાસ ગાંધીની જેઓ છેલ્લા ૬૮ વર્ષથી કોમામાં છે.

બિપિનચંદ્ર જાગીરદાસ ગાંધી એટલે કે બી જા ગાંધી (સેકન્ડ ગાંધી) એ એ જ વ્યક્તિ છે જેમની સાથે મહાત્મા ગાંધી એ છેલ્લે વાત કરી હતી. જયારે ગાંધીજીની હત્યા થઇ અને બાપુ તેમના છેલ્લા શ્વાસો લઇ રહ્યા હતા ત્યારે બી જા ત્યાં જ હાજર હતા અને ત્યાં થયેલી ભાગદોડમાં તેમને ગંભીર ઈજા થઈ હતી અને ત્યારથી તેઓ કોમા માં સરી ગયા હતા અને ત્યારથી તેમને ભારતીય સરકાર 'નેશનલ ટ્રેઝર' તરીકે જીવાડી/સાચવી રહી છે. આખો ભારત દેશ બીજા ગાંધી એક દિવસ ઉઠે અને મહાત્માના છેલ્લા શબ્દો સંભળાવે તેવી આશા સેવી રહ્યા છે.

બી જા છેલ્લાં ૬૮ વર્ષથી કોમામાં હોવાને કારણે સરકાર એવો નિર્ણય કરે છે કે બી જાને એ વાતથી અજાણ રાખવા કે મહાત્માની હત્યાને ૬૮ વર્ષ વીતી ગયા છે અને આથી જ તેઓ નક્કી કરે છે કે તેમની મુલાકાત મહાત્મા સાથે કરાવવી અને તેઓ મહાત્મા ગાંધી જેવી દેખાતી વ્યક્તિની શોધમાં નીકળી પડે છે.

તેમની શોધ પુરી થાય છે એક એવા વ્યક્તિ પર જે દારૂડિયો અને વ્યભિચારી કલાકાર છે, પણ તેણે એક્ટિંગ લાઈફમાં ઘણીવાર મહાત્મા ગાંધીનું કિરદાર ભજવ્યું હોય છે.. અને ત્યાંથી શરુ થાય છે મસ્તીની રોલર કોસ્ટર રાઈડ જે આગળ વધીને હાસ્યપ્રદ પોલિટિકલ સટાયર સાથે એક સામાજિક સંદેશ પણ આપે છે. ફિલ્મમાં ધર્મેન્દ્ર ગોહિલ, અવની મોદી, મિહિર ભુતા અને પંકજ ત્રિવેદી પોતાનો અભિનય આપી રહ્યાં છે.

શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં નવરાત્રી મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં આદ્યશક્તિની આરાધનાના પર્વ નવરાત્રી નિમિત્તે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દશરથભાઈ પટેલ, કિરણબેન પટેલ, શાળાના આચાર્યા નીવાબેન પટેલ, સુપરવાઈઝરો તથા શિક્ષક ભાઈ-બહેનોએ માતાજીની આરતી ઉતાર્યા બાદ શાળાના વિદ્યાર્થીઓ સાથે ખેલૈયા બની આનંદથી મનમુકીને ગરબે ઘુમ્યા હતા. રાસ-ગરબાને અંતે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે હાજરી આપી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. વિજેતા વિદ્યાર્થી - ધો. ૧ અને ૨માંપ્રથમ પરમાર ઓમ. દિપકભાઈ, દ્વિતીય પટેલ, હિત રિપલકુમાર, તૃતીય ઓડ આયુષ નયનભાઈ, ધો. ૩, ૪, ૫માં પ્રથમ સોલંકી તારક શૈલેશભાઈ, દ્વિતીય માલી દર્શન જગદીશભાઈ, તૃતીય શાહ રાહિલ મનિષભાઈ, ધો. ૬, ૭, ૮માં પ્રથમ પટેલ કુશલ પ્રકાશભાઈ, દ્વિતીય ઠાકર હિતાર્થ મહેશભાઈ, તૃતીય ચંડિસરા કિશ્ના પર્વતસિંહને ઈનામો અપાયાં હતાં.

નર્મદા નિગમ મુખ્ય કચેરી ખાતે વિવિધ શાખામાં ફરજ બજાવતા વયનિવૃત્ત થતાં ઝેડ.એન. હિરાણી, સી.એમ. પટેલ, જે.એન. પરમારનો વિદાય સમારોહ નિગમની મુખ્ય કચેરીમાં યોજાયો હતો. આ વિદાય સમારોહમાં સરદાર સરોવર નર્મદા નિગમના ડી.એમ. પઠાણ, એ.જી. એમ. (પી), સી.પી. સુતરીયા, વી.ડી. રથવી તથા અન્ય કર્મચારીગણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વયનિવૃત્ત થતાં કર્મચારીઓના જીવન તથા દીર્ઘ આયુષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા એચ.વી. સોની, એ.જે. પટેલ, કમલેશ બારોટ તથા અન્ય કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત

મૂળ ગુજરાતના યુવાને અમેરિકામાં સેવાકાર્યની સુવાસ પ્રસરાવી

ગાંધીનગર, તા. ૭

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત' એ શબ્દોને સાચા કરતું વધુ એક પ્રમાણ તાજેતરમાં સામે આવ્યું છે. મૂળ ગુજરાતના એક યુવાને અમેરિકામાં સેવાકાર્યની સુવાસ ફેલાવી છે.

ગુજરાત રાજ્ય સમસ્ત બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ, વકીલ મહેશ મહેતા (નડિઆદ)ના સુપુત્ર નચિકેત અમેરિકાના બોસ્ટનમાં રહે છે, જેમણે નોર્થ કેરોલિના સારલોટ શહેરમાં કેન્સર પીડિતો માટે ચોવીસ કલાક સાઇકલિંગ કરીને ડોનેશન એકઠું કરવાના કાર્યક્રમમાં ભાગ લઈને ડોનેશન એકત્ર કરવામાં પોતાનું ઉમદા યોગદાન આપ્યું છે. અમેરિકનો સાથે એકમાત્ર ગુજરાતી, રાજ્યના ખેડા જિલ્લાના તોરાણા ગામની વતની નચિકેત મહેતાએ સહભાગી થઈ સેવાકીય પ્રવૃત્તિ માટે ફાળો એકઠો કરવામાં સહાય કરી હતી. પોતાના પિતાની જેમ સામાજિક સેવાકાર્યમાં જોડાઈને નચિકેતે રાજ્ય તથા દેશનું નામ રોશન કર્યું છે.

સ્ત્રીશક્તિનું જીવંત ઉદાહરણ : ગાંધીનગરની દીકરી સૌમ્યા

શક્તિની આરાધનાનું પર્વ ચાલી રહ્યું છે ત્યારે શક્તિના જીવંત સ્વરૂપ સમી એક દીકરીની વાત કરવી છે.

નામ સૌમ્યા. નામ એવા જ ગુણ. સૌમ્ય અને સંસ્કારી. સૌમ્યાની મારે ઓળખાણ આપવી હોય તો હું એમ કહું કે 'આદર્શ ભારતીય દીકરીનું ઉદાહરણ એટલે સૌમ્યા.' સૌમ્યા એટલે સુંદરતા, સંસ્કાર, શિક્ષણ, સૌમ્યતા, સાહસ અને કૌશલ્યથી ભરી-ભરી વહાલી દીકરી.

ગાંધીનગરને જેમ સૌમ્યાની ઓળખાણ કાબેલ દીકરી તરીકે છે એમ દેશને સૌમ્યાની ઓળખાણ એક કુશળ સ્વિમર તરીકે છે. અલબત્ત, આ સૌમ્યાની એકમાત્ર ઓળખાણ નથી, એનામાં અન્ય કુશળતાઓ પણ ઠાંસીને ભરેલી છે. જેમકે, સૌમ્યા ગરબાની કુશળ કલાકાર છે, ટ્રેકિંગ, સાહસિક સ્પોર્ટ્સ, લેખન, ફોટોગ્રાફીમાં નિષ્ણાત છે અને અભિનય એટલે કે એક્ટિંગ પણ કરી જાણે છે.

ગાંધીનગરના સેક્ટર-૮નાં રહેવાસી નિષ્ઠાબેન-મનોજભાઈ જોષીની એ દીકરી. શહેરમાં દંપતિનું નામ જ કાફી છે. આ દંપતિને જે લોકો ઓળખે છે એ લોકો એમનો સેવાભાવી અને સહકારપૂર્ણ સ્વભાવ તથા સૌજન્યપૂર્ણ વર્તાવ પણ સારી પેઠે ઓળખે છે. સૌમ્યાએ માતાપિતાનો આ વારસો તો સુપેરે મેળવ્યો જ છે, પરંતુ એ ઉપરાંત પોતાના નામની ઓળખ પાછળ ઘણાં વિશેષણો લગાવ્યાં છે.

એ બેસ્ટ સ્વિમર ઓફ ગુજરાત રહી ચૂકી છે, માત્ર ૧૧ વર્ષની વયે ટોપ ૧૦ સી સ્વીમર્સ (દરિયાના તૈરાક)માં તેનું નામ આવ્યું છે, તેણે ૧૦ વખત નેશનલ લેવલ સ્વિમિંગ ટુર્નામેન્ટમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું છે, ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી ઍક્વેટિક ચૅમ્પિયનશીપમાં ૩ વખત ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું છે, ખેલ મહાકુંભમાં ૮ સિલ્વર અને ૪ બ્રૉન્ઝ મેડલ એણે પ્રાપ્ત કર્યાં છે.



આટલું જ નહીં, ગુજરાત સરકાર તરફથી વુમન ઍમ્પાવરમેન્ટ વિભાગમાં તેને તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે સન્માનપત્ર પણ પ્રાપ્ત થયું છે અને સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી વર્ષ ૨૦૧૫માં 'સ્પોર્ટ્સ વુમન ઑફ ધ યર' ઍવોર્ડ અને ટ્રૉફી પણ એને પ્રાપ્ત થઈ છે.

અંદામાનના કિનારે સમુદ્રના ઘેરા પાણીમાં કલાકો સુધી સ્કુબા ડાઈવિંગ કરવાનું શ્રેય અને મજા પણ સૌમ્યાએ સહજતાથી મેળવ્યાં છે, તો ગંગા નદી પર ક્લિફ જંપીંગ, પૅરા સેઈલિંગ, રિવર રાફ્ટીંગ અને રૅપલિંગની મજા પણ સૌમ્યાએ સમર કૅમ્પ અંતર્ગત માણી છે.

જી ઈ ક્લબ સંચાલિત બ્લ્યૂ બબલ્સ એકેડેમી ઑફ આર્ટ્સની ઍક્ટિંગની તાલીમાર્થી સૌમ્યાએ કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત બે નાટકોમાં સહદિગ્દર્શન કર્યું છે. એક નાટક હતું કલરવ સંસ્થા દ્વારા આયોજિત બાલોત્સવના નાટ્ય વિષયના તાલીમાર્થીઓ અભિનત 'જીવનબાગનાં ફૂલ' અને બીજું જી ઈ ક્લબ નિર્મિત 'અનારકલીનો સ્વયંવર'. પ્રથમ નાટકનું મંચન ગાંધીનગર ટાઉનહૉલમાં ને બીજા નાટકનું મંચન સિટી પલ્સ ઓપન ઍર થિયેટર ખાતે કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સિટી પલ્સ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફિલ્મ ઍન્ડ ટૅલિવિઝન નિર્મિત શૉર્ટ ફિલ્મ 'આખરી પડાવ' માટે પણ આસીસ્ટન્ટ ડિરેક્ટરની ભૂમિકા એણે ભજવી છે. સિટી પલ્સ નિર્મિત 'કૌઆ ચલા હંસ કી ચાલ' નાટ્યમાં સૌમ્યાએ પોતાનો અભિનય પણ આપ્યો છે.

ફોટોગ્રાફી માટે પૅશનેટ એવી સૌમ્યાને નેચર ફોટોગ્રાફી, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી, પોર્ટ્રેઈટ ફોટોગ્રાફી અને લેખનનો પણ શોખ છે. એણે પોતાનો સરસ બ્લૉગ પણ બનાવ્યો છે.

નાનપણથી જ સ્વિમર તરીકે ઓળખાણ સ્થાપિત કરી ચૂકેલી સૌમ્યાએ ગ્રૅજ્યુએશન પછી સ્પોર્ટ્સમાં જ પોતાની કારકિર્દી ઘડવાનું નક્કી કર્યું ને દેશની પ્રતિષ્ઠિત સંસ્થા નેતાજી સુભાષ નૅશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ સ્પોર્ટ્સમાં પ્રવેશ પ્રાપ્ત કરીને ડિપ્લોમા ઈન સ્પોર્ટ્સ કોચિંગ (સ્વિમિંગ) સફળતાપૂર્વક પૂર્ણ પણ કર્યો.

આજે સૌમ્યાને અહીં સંભારવાનું કારણ પણ આ જ. રાજ્યની ને દેશની સૌથી નાની વયની ઍનઆઈઍસ કોચ બનવાની સિદ્ધિ સૌમ્યાએ પ્રાપ્ત કરી છે. એટલું જ નહીં, સૌમ્યાને તેની ઉજ્જવળ કારકિર્દીને કારણે દૂન સ્કૂલની સિસ્ટર કન્સર્ન તથા દેશની પ્રથમ ક્રમાંકની સ્કૂલ એવી વેલ્હામ ગર્લ્સ સ્કૂલ, દહેરાદૂનમાં સ્વિમિંગ કોચ અને સ્પોર્ટ્સ ઈન્સ્ટ્રક્ટર તરીકે જૉબ પણ મળી ગઈ !

હવે સૌમ્યા પોતાનો સ્પોર્ટ્સ ક્ષેત્રનો અભ્યાસ આગળ વધારી રહી છે અને સાથે-સાથે પોતાના જેવા કુશળ ખેલાડીઓ તૈયાર કરવામાં દેશને પોતાનું યોગદાન પણ આપી રહી છે.

સૌમ્યાએ આ સિદ્ધિ પ્રાપ્ત કરીને ન માત્ર પોતાની અથાગ મહેનત, આત્મવિશ્વાસ અને સમર્પણનો પરિચય આપ્યો છે, પરંતુ અન્ય ખેલાડીઓને અને ખાસ કરીને કિશોરીઓને, યુવતિઓને અપ્રતિમ પ્રેરણા પણ પૂરી પાડી છે.

'મારી બધી સફળતાઓનું શ્રેય મારો પરિવાર છે. પરિવારનું જતન ન હોય તો આ બધું ન થાય' એવું સૌમ્યા કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે છે. આ વાતને મેં અનુભવી છે. સૌમ્યાની વાત જ્યારે પણ આવે ત્યારે એનાં માતા-પિતાના ચહેરા પર રેલાતી અવર્ણનીય ખુશી અને ગૌરવનો ગરવો રંગ મેં નિહાળ્યો છે.

અને એટલે જ 'દીકરીઓને દૂર' કરી દેતા આ આધુનિક જમાનામાં 'દીકરીનું નૂર ને દીકરીનું હીર' જમાનાને દેખાડીને સ્ત્રી એ શક્તિનું સ્વરૂપ છે એવું સાબિત કરી આપનાર આ ગરવાં માતા-પિતાને સલામ છે !